R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2009-11/ Valid upto31 Dec/ 2011 -Posted at A'bad PSO - Monday
Ahmedabad Jurisdiction
અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ


અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬
વેબ સાઈટ :www.jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com (મો)૯૮૨૫૧૬૯૩૮૬

If undelivered pl. return to;
(સરનામાનું સ્વીકાર ઉભાડ્યા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે ?(હા)-(ના)
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી, અમદાવાદ-૭

YEAR-20 • ISSUE: 52. DATE: 24-12-2011• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## એક વર્ષની મહેનત બાદ ૫૪૨ ભાષામાં એપ્પ ઉપર બાયબલ ઉપલબ્ધ બન્યું




એપ્પ ઉપર ૫૪૨ ભાષામાં બાયબલ ઉપલબ્ધ બન્યું છે.સ્માર્ટ ફોન, એન્ડરોઈડ,આઈપેડ અને બીજા અનેક વિજાણુ માધ્યમો પર બાયબલ મુકવામાં આવ્યું છે.અનેક પ્રકારની અડચણો અને મુશ્કેલીઓ વચ્ચે એક વર્ષની અવધિમાં આ કઠીન કાર્ય સંપુર્ણ કરવામાં આવ્યું છે.વિવિધ ભાષાઓ જાણતા લોકો માટે તેમની જ ભાષામાં એપ્પે બાયબલને રજુ કરીને વિશ્વભરમાં ભારે લોકચાહના મેળવી છે.જો કે સહુથી વધુ ભાષાઓમાં બાયબલનો તરજુમો કરવામાં આવ્યો છે.અને હજુ પણ એવી ઘણી ભાષાઓમાં તેના તરજુમા કરવામાં આવી રહ્યા છે.

## ચર્ચ ઓફ ઇગ્લેન્ડ રીસર્ચ અને વિકાસ માટે સહાય ફાળવશે



ચર્ચ ઓફ ઈગ્લેન્ડે ચર્ચોને મદદ કરવાના હેતુસર ૧ મીલીયન પાઉન્ડની સહાય કરવાનું નક્કી કર્યુ છે.આ ગ્રાંટમાંથી ચર્ચો તેમના રીસર્ચ અને વિકાસ માટેના કાર્યોમાં તેજી અને મદદ મળી શકે તેમાં વાપરી શકશે.નવ ડાયોસીસ તેમના ૧૦ પ્રોજેકટમાં જે નાણાંકીય ભીડ ભોગવું રહ્યું છે તેને તેના કાર્યોમાં મદદ મળશે.ચર્ચ કમિશનર્સ અને આર્ચબિશપ્સ કાઉન્લીલ ૨૦૧૨માં આજ રીતે ૨ મીલીયન પાઉન્ડની સહાય ફાળવશે.



વિશ્વભરમાં ક્રિસમસ એટલે નાતાલનો પવિત્ર તહેવાર ખ્રિસ્તીઓ ઉજવે છે.ઈસુ ખ્રિસ્તનો જન્મ બેથલેહેમ નામના એક ગામમાં થયો હતો.બેથલેહેમ ગામમાં બહારથી આવેલા લોકોને માટે ઉતારાની વ્યવસ્થા નહોતી.તેથી ઈસુના માતાપિતાએ ઢોરોને રહેવા માટેની એક જગ્યા જેને ગભાણ કહેવાય છે ત્યાં ઉતારો મળતાં વ્યવસ્થાને સ્વીકારી.યોસેફ અને મરિયમ આ વ્યવસ્થાથી ખુશ તો નહોતા પરંતુ બીજો કોઈ વિકલ્પ નહોતો.તે વખતમાં સૌથી પ્રથમ વાર વસ્તી ગણતરી યોજવામાં આવી રહી હતી.જેમાં તેઓ પોતાના નામ નોધાવવા આવ્યા હતી.યોસેફ પોતાની ગર્ભવતી પત્ની મરિયમની તબિયતની ચિંતા હોવાને કારણે બીજી કોઈ વ્યવસ્થા ન મળતાં અહીયા રહેવાનું મુનાસીબ માન્યું.ઈશ્વરની યોજના એ પ્રમાણેની હતી અને ઈસુનો જન્મ આ સ્થળે થયો.માનવજાતને તારવાને માટે ઈશ્વરના પુત્રને આ સ્થળે જન્મ લેવો પડ્યો.ઈસુના જન્મને વિશ્વભરમાં વસતા ખ્રિસ્તીઓ નાતાલને તેથી ઉજવે છે.બેથલેહેમ, વિશ્વનું સૌથી વધુ પવિત્ર સ્થળ માનવામાં આવે છે.ઈઝરાયેલમાં આવેલ આ ગામની આ એક ઐતિહાસિક ઘટના છે.બાયબલમાં ટાંકવામાં આવેલ વચનો મુજબ “ સમગ્ર માનવજાતને પાપના પુંજમાંથી બચાવવાને માટે એક તારનારનો જન્મ થયો.

“ ઈસુના જન્મ વિશે દુતે કરેલી ખેતરમાં રહીને ઘેટાં ચારનારા ઘેટાપાળકોને જણાવ્યા મુજબ “ કેમકે આજ દાઉદના શહેરમાં (બેથલેહમમાં) તમારે સારુ એક તારનાર એટલે ખ્રિસ્ત પ્રભુ જન્મ્યો છે.

તમારે સારુ એ નિશાની છે કે તમે એક બાળકને લુગડામાં લપેટેલો ગભાણમાં સુતેલો જોશો. “ઉપરની તસવીરમાં યોસેફ,માતા મરિયમ અને લુગડામાં લપેટેલો અને ગભાણમાં સુતેલો ઈસુ દેખાઈ રહ્યા છે.



નાતાલના પવિત્ર પર્વ ટાણે જેરુસાલેમની ભવ્યતા કંઈક અનેરી હોય છે.



ઉત્તર કોરીયાના નેતા કીમ જોન્ગ ઈલનું અવસાન થયું હતું. તેઓ ઉત્તર કોરીયાના લોકપ્રિય નેતા હતા.તેમના કઠોર શાસન અને દેશને પરમાણું સંપન્ન બનાવવાની મહત્વાકાંક્ષાને કારણે વિશ્વભરમાં એક દાયકા સુધી તેમનો ભય ફેલાયેલો હતો.તેઓ ૧૭ વર્ષ સુધી સત્તા પર રહ્યા હતા. ૨૦૧૦માં તેમણે તેમના ઉત્તરાધિકારી તરીકે તેમના ત્રીજા નંબરના પુત્રની વરણી કરી હતી. તેમના નિધનથી ઉત્તર કોરીયામાં વસતા ખ્રિસ્તી સમુદાયમાં અસલામતીની લાગણી વર્તાઈ રહી છે.



ગ્રેટ બ્રિટનના વડા પ્રધાન કેમરુને કિંગ જેમ્સ બાયબલની ૪૦૦મી જયંતીની ઉજવણી નિમિત્તે આપેલ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે બ્રિટન એક ખ્રિસ્તી રાષ્ટ્ર છે.

નાતાલ તથા નવા વર્ષની અમારા તમામ વાચકો,ગ્રાહકો અને શુભેચ્છકોને પ્રેમી સલામ.આવનાર ૨૦૧૨નું વર્ષ આપ સહુના માટે સુખદાયી,ફળદાયી અને સ્વસ્થદાયી નીવડો તેવી શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

**નાતાલ ★ તથા નવીનવર્ષની ★શુભેચ્છાઓ**

**સમાચાર સંપાદન**
**શ્રી સંજય પોલ ચૌહાણ**

## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**
**www.jagadishchristian.com**
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર ન્યુ ઝ અને ઈવેન્ટ વિભાગમાં જોઇ શકાશે.

# નવક્રાંતિ

૨૦૧૧ની સાલ પુરી થવાની તૈયારીમાં છે અને આપણે સહુ ૨૦૧૨નું ઉમળકાભેર સ્વાગત કરવા તૈયાર છીએ.સહુ પ્રથમ અમારા તમામ ગ્રાહકો,વાચકો ,મિત્રો અને શુભેચ્છકોને નાતાલના પવિત્ર પર્વ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવીએ છીએ .આ ઉપરાંત આવનાર નવા વર્ષની શુભ કામનાઓ પાઠવીએ છીએ.અમારા બે સામાજિક સાપ્તાહીકો પૈકી નવક્રાન્તિ ૨૦ વર્ષ પુરા કરીને ૨૧મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે.અને સતત વીસ વર્ષોની લાંબી અવધિ સુધી સામાજીક ક્રાંતિની મશાલને સળગતી રાખી છે.અમારા ગ્રાહકો અને વાચકો તરફથી મળેલા અમુલ્ય સહકાર માટે તેમના આભારી છીએ.તે સાથે ઈશ્વરપિતાનો પણ સંપુર્ણ આભાર માનીએ છીએ કે આટલા બધા વર્ષો સુધી તેમણે અમોને આ બોજ ઉઠાવવાને માટે તમામ મદદો પુરી પાડી,અને આ કાર્યો સતત પ્રગતિ કરતાં રહ્યા છે.

શરુ થતાં ૨૦૧૨ ના વર્ષમાં અમારા તમામ ગ્રાહકો,વાચકો અને ચાહકોને અપીલ કરીએ છીએ કે તેઓ તેમનો સહકાર સતત વહેતો રાખશે.મોઘવારી અને અન્ય ખર્ચાઓ બેસુમાર વધ્યા છે ત્યારે અમો વિનંતી કરીએ છીએ કે તમારા લવાજમો અમોને વેળાસર મળી શકે માટે વ્યવસ્થા કરશો.જેથી નાણાકીય ભીડનો સામનો કરવો પડે નહી.અમારા સાપ્તાહિકો જાહેર ખબરો અને લવાજમો આધારિત છે. તેથી આપને આ બાબતે ખાસ કાળજી રાખવા વિનંતી કરીએ છીએ.

આપના સરનામાં બદલાયા હોય તો જરુરથી કાર્યાલયને તેની જાણ કરશો જેથી આપને સમયસર સાપ્તાહિક પહોચી શકે.કેટલીક વાર પોસ્ટ ખાતાની તકલીફોને કારણે ગ્રાહકોને સાપ્તાહિકો સમયસર મળતાં નથી તેવી ફરિયાદો મળે છે.પરંતુ એ બાબતે આપ આપની પોસ્ટ ઓફિસમાં આ અંગેની અરજી આપીને આપની ફરિયાદનું નિવારણ કરી શકો છો. કારણકે અહીંયાથી નિયમિત રીતે આપની પોસ્ટ ઓફિસ ઉપર તેનું પોસ્ટીંગ કરવામાં આવે છે.તમારો સાથ અને સહકાર જરુરી છે તો આ બાબતે આપનો સહકાર આપશો.આપના મિત્રો કે અન્ય સબંધીઓને પણ આ સામાજિક સાપ્તાહિકોની જાણકારી આપી તેમને સભ્ય થવા આગ્રહ કરી શકો છો.એમ કરીને તમે આપણી સામાજીક વૈચારિક જાગૃતિના ભાગીદાર બની શકો છો.

## મંતવ્ય

માણસાઇ વિના ધર્મ સંભવિત નથી. જે 'માણસ' ન હોય તે ધાર્મિક બની શકે જ નહીં અને માણસ બનવા માટે તેનામાં સહાનુભુતિ,બીજાનું દુઃખ,બીજાની સ્થિતિ સમજવાની ક્ષમતા હોવી જોઇએ. જેનામાં સહાનુભુતિ ન હોય તે ધર્મને પામી શકે નહીં.

તુલસીદાસ કહે છે કે " દયા ધર્મ કા મુલ હૈ " દયાહીન માણસ ધર્મને સમજી શકતો જ નથી. વાલિયા લુંટારામાંથી ઋષિ બનનાર વ્યક્તિના મનમાં કૌચવધથી આઘાત જન્મે છે. આઘાતમાંથી સહાનુભુતિ જન્મે છે અને સહાનુભુતિમાંથી ધર્મ જન્મે છે.જેસલ જેવા લુંટારાના મનમાં દયાનું ઝરણું ફુટે છે અને એની જીંદગીનું વહેણ જ બદલાઇ જાય છે.

માણસ જ્યારે પોતાને બીજા માણસની સ્થિતિમાં મુકી જુએ છે ત્યારે જ તેનામાં સહાનુભુતિનો ઉદ્ભવ થાય છે.બીજાનું ખુન કરનાર કે હુલ્લડમાં બીજાને મારી નાંખનાર કે સળગાવી દેનાર માણસો,જે એવી જ સ્થિતિમાં પોતાને મુકી જુએ, મરનાર પાછળ વિલાપ કરતાં નાના નિઃસહાય બાળકોની જગ્યાએ પોતાના બાળકો હોય તો પોતાને કેવું લાગે એનો વિચાર કરી જુએ તો એનામાં માણસાઇ જાગ્યા વિના ન રહે. અને માણસાઇ માણસને તેનું સાચું કર્તવ્ય અને સાચો ધર્મ ચીંધ્યા વિના ન રહે.

બીજા પણ મારા જેવા જ છે. બીજાને પણ મારા જેવી જ લાગણી થાય, મારા જેવી જ પીડા થાય અને એમને મદદરુપ થાઉં તો મારા જેવોજ આનંદ પણ થાય એવા વિચારમાંથી જ માણસાઇ જન્મે છે અને એમાંથી જ જન્મે છે સાચો ધર્મ-માનવ ધર્મ.

એટલે જ્યારે પણ આપણે કોઇ માણસ સાથે વર્તવાની વેળા આવે, જ્યારે કોઇ વ્યક્તિ આપણાં કરતાં ખરાબ સ્થિતિમાં હોય, આપણી સહાનુભુતિ ઝંખતી હોય, આપણી કોઇ નાની-મોટી મદદની અપેક્ષા રાખતી હોય, મજબુર હોય, ત્યારે એની સ્થિતિમાં આપણી જાતને થોડી વાર કલ્પીને પછી જ તેની સાથે વર્તીએ તો આપણા હ્દયમાં એના તરફ સહાનુભુતિ પ્રગટ થશે જે આપણને ઉમદા માનવી બનાવશે અને આપણે તેના તરફ એક સહ્દયી માનવી તરીકે વર્તીશું. એક અંગ્રેજી વાક્ય છે . ભલાઇ એક એવી ભાષા છે જે બહેરા સાંભળી શકે છે અને અંધ પણ એ (ભલાઇ)જોઇ શકે છે.(સૌ.)


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઈપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# ઝારખંડના પાકુર જીલ્લામાં સીસ્ટર વલ્સા જોન ની માઓવાદી દ્વારા હત્યા

ઝારખંડના પાકુર જીલ્લામાં આવેલા ડુમકાના ઈન્સ્પેકટર જનરલ ઓફ પોલીસ,અરુણ ઓરેનો પ્રેસ કોન્ફરન્સમાં આપેલી માહીતી મુજબ માઓવાદીના ગ્રુપ દ્વારા એક સમાજ સેવીકા નન વલ્સા જોનની રાત્રીએ હત્યા કરી હતી.જયારે તેણી ઉંઘી ગયા હતા.આ હત્યાના સંદર્ભે સાત લોકોની ધરપકડ કરવામાં આવી છે.ઉપથી ૪૦ વ્યક્તિઓનું બનેલું માઓવાદી ગ્રુપ હથિયારો સાથે સીસ્ટર જોન ના ભાડાના ઘરમાં જ્યાં રહેતા હતા ત્યાં ગયું હતું અને તેણીની હત્યા કરવામાં આવી હતી.આ હત્યા બચુવારી વિલેજ જે પાકુર જીલ્લામાં આવેલુ છે ત્યાં કરવામાં આવી હતી. તેણી બાવન વર્ષની ઉંમરના હતા.તેમજ તેઓ આદીવાસીઓને સ્થળાંતર કરાવવાના મુદ્દે ખાનગી કોલસા ખાણના માફીયાઓનો વિરોધ કરી રહ્યા હતા.

સીસ્ટર જોન કેરાલાના અર્નાકુલમના વતની હતા. માઓવાદીઓ તરફથી તેમને સતત ધમકીઓ મળતી હતી.કારણકે તેઓ આ વિસ્તારના આદીવાસીઓની મધ્યે તેમના હક્કો માટે લડત ચલાવતા હતા.તેણીએ આ માફીયાઓ સામે પોલીસમાં ફરિયાદ નોધાવી હતી.આ ગામના રહેવાસીઓ તેણીની સાથે હોવાથી તેઓ પણ માફીયા ટોળીના વિરોધી બન્યા હતા.તેણીએ તેમની સાથે કાર્ય કરતી અન્ય મહીલા ઉપર બળાત્કાર થયેલ તેની પોલીસ ફરીયાદ કરીને ગુનેગારો સામે કામ કરવા સતત પોલીસને દબાણ કરી રહી હતી.બળાત્કારી મુરમુની પણ પોલીસે ધરપકડ કરતાં તેણે હત્યાનો ગુનો સ્વીકારી લીધો હતો.તેવું પોલીસ ઓફીસરે જણાવ્યું હતું.

જેઓની ધરપકડ કરવામાં આવી છે તેઓમાં મરમુ,પેસીલ હેમબ્રોમ,પ્રેમ તુરી, તાલા મરાંડી,રાકેશ તુરી, રાજન મરાંડી, અને પ્રધાન મુરમુ મુખ્ય આરોપી છે.આ બધા આરોપીઓ પાચુરા અને અલુબેડા ગામોના રહેવાસીઓ છે આ ઉપરાંત આ હત્યામાં સામેલ અન્ય ૩૦ વ્યક્તિઓની ધરપકડ કરવાની બાકી છે.

ઓરેન,પોલીસ ઓફીસરના જણાવ્યા પ્રમાણે માઓવાદીઓ સીસ્ટર જોન તેણીને શોધી શક્યા નહોતા કે તેની જાણકારી નહોતી તેથી ગામવાસીઓને બીક આપીને તેમની પાસે તેણીની શોધખોળ કરાવી હતી.જેથી આ બનાવ એ સાબિત કરે છે કે માઓવાદીઓ તેમના વિરોધીઓ સાથે કેવી રીતે કામ પાર પાડવું તેના રસ્તાઓ અને ઉપાયો યોજે છે તે આપણી આંખ ઉઘાડનારા છે.સીસ્ટર જોનને આ અગાઉ પણ અનેક વખત ખાણ માફીયાઓ તરફથી જાન લેવાની ધમકી મળી ચુકી હતી.કારણકે તેણી સ્થાનિક આદીવાસીઓના અધિકારો માટે લડત ચલાવતા હતા.ચર્ચીસ,હ્યુમન રાઈટસ



ગ્રુપ,એમનેસ્ટી ઈન્ટરનેશનલે આ હત્યાને વખોડી કાઢી હતી અને હત્યાની તપાસ સીબીઆઈને સોપવા માંગણી કરી હતી.સીસ્ટર જોનની દફનવિધિ ડુમકા ખાતે કરવામાં આવી હતી કારણકે તેણી સીસ્ટર ઓફ ચેરીટી ઓફ જીસસ કોન્ગ્રીગ્રેસનના સભ્ય હતા.દિલ્હી ખાતે કેન્ડલ લાઈટ જલાવી તેણીને શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી.

## સફળતાનો સરપાવ

વિશ્વમાં એક રેસ્ટોરંટ જ એવું સ્થળ છે જ્યાં તમને જેવું અને જેટલું જોઇએ એટલું ખાવાનું પહેલા મળે છે અને બિલ એટલે કે પૈસા તમારે પછીથી ચુકવવાના હોય છે.પરંતુ કારકિર્દિમાં કે સમગ્ર જીવન દરમિયાન સ્થિતિ આનાથી વિપરિત હોય છે.સફળતાના જે કોઇ સરપાવ કે જે કાંઇ સુખ-સમૃધ્ધિ તમને મળે તે પહેલાં તમારે સફળતાની કિંમત ચુકવવી પડે છે.પહેલાં કઠોર પરિશ્રમરૂપે કિંમત ચુકવા પછી જ બધું મળશે.

# કંધમાલની હિંસક ઘટનાઓ પુર્વ આયોજિત હતી : ઉચ્ચ સરકારી અધીકારીઓનો ઇન્કવારી કમિશનમાં જવાબ

ઓરિસ્સા રાજ્યના ઉચ્ચ અધીકારીઓએ સરકાર દ્વારા નિમાયેલ ઈન્કવારી કમિશન સમક્ષ હાજર થઇને પોતાનો જવાબ તલબ કરતાં જણાવ્યું હતું કે ૨૦૦૮માં કંધમાલમાં ખ્રિસ્તીઓ વિરુધ્ધ બનેલ હિંસક ઘટનાઓ પુર્વ આયોજીત હતી.ભુતપુર્વ રેવન્યુ ડીવીજનલ કમિશ્નર(આરડીસી)સત્યભ્રતા સાહુ અને ભુતપુર્વ ડેપ્યુટી ઈન્સ્પેકટર જનરલ(ડીઆઈજી)સાઉથ રેન્જ,આર.પી.કોચીએ આ જુબાની આપી હતી.તેમણે કહ્યુ હતું કે પોલીસ કુમક ના ઘટનાના સ્થળોએ પહોચી ના શકે માટે પુર્વ આયોજન કરીને પોલીસને જવા આવવાના રસ્તાઓ પર ઝાડો કાપીને રસ્તા રોકી દેવામાં આવ્યા હતા અને રોડ અસ્તવ્યસ્ત કરી દેવામાં આવ્યા હતા જેથી જરુરીયાત મંદ લોકોને પોલીસ મદદ ના મળી શકે.આ વિસ્તારમાં હથિયારધારી પોલીસની ઉપર રોક લગાવાઇ હતી તેથી મોટા પ્રમાણમાં હિંસા ઉપર કાબુ મેળવી શકાયો નહોતો.બેઉ અધીકારીઓએ જણાવ્યું હતું કે વહીવટી વિભાગે જીલ્લામાં પરિસ્થિતિ પર કાબુ મેળવવા માટે પ્રયત્નો કર્યા હતા.પરંતુ પુર્વ આયોજીત હુમલાઓને કારણે તે તેમના અંકુશમાં લેવાઇ શક્યા નહોતા.

ભુતપુર્વ સાંસદ આર કે નાયક પણ કમિશન સમક્ષ ઉપસ્થિત રહ્યા હતા.તેઓ પણ આ હિંસક ઘટનાઓના જવાબદાર ગણવામાં આવ્યા હતા તેમજ કોમી હુલ્લડ થાય માટે તેમણે પ્રેરણા આપી હોવાનો આરોપ તેમના પર હતો.જે રીતે ઘરો અને ચર્ચો બાળવામાં આવ્યા કે તોડી પાડવામાં આવ્યા તેની ઉપર ધ્યાન પુર્વક વિચારતાં એવું જણાય છે કે આ બધી બાબતો પુર્વ આયોજીત અને યોજના બધ્ધ હતી.અને તેમાં સંઘ પરિવાર સંડોવણી અને દોરવણી હતા.ખ્રિસ્તીઓના જણાવ્યા પ્રમાણે હિંસક ઘટનાઓ એ તાત્કાલિક ઉભી થતી અસરો નહોતી.પરંતુ તે પુર્વ આયોજિત હતી.


## લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટ્રાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬



## ડૉ.હેમેન્દ્ર જી. પરીખ

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર

મો.૯૩૭૬૧ ૦૦૮૯૮

E.mail : drhamparikh@yahoo.co.in

## શાલેમ મેરેજ બ્યુરો જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૧૬)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૧૦૩ | હોટેલ મેનેજમેન્ટ(ઓસ્ટ્રેલીયા) | ૦૩-૧૨-૮૫ | ૪૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૧૨૨ | બીસીએ.એચ.આર(ન્યુઝીલેન્ડ) | ૨૫-૦૮-૮૫ | - | આર.સી. | કુંવારા |
| ૧૨૩ | બી.એ(ઇંગ્લીશ)બીપીએડ(ઓસ્ટ્રેલીયા) | ૨૭-૦૯-૮૪ | ૪૮૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૧૨૫ | હોટેલ મેનેજમેન્ટ(ઓસ્ટ્રેલીયા) | ૦૨-૦૩-૮૪ | ૧.૫૦લાખ | આર.સી. | કુંવારા |
| ૧૩૨ | બી.ફાર્મ (ન્યુઝીલેન્ડ) | ૨૫-૧૦-૮૭ | ૬૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૧૩૩ | બી.ઈ(ઇલેક્ટ્રીકલ)એમબીએ(યુએસએ) | ૧૫-૦૧-૮૫ | ૩૦૦૦પાઉન્ડ | આર.સી. | કુંવારા |
| ૧૩૭ | બીએસસી(લેબ.ટેક)કોમ્પ્યુટર (દુબાઇ) | ૦૫-૦૪-૮૩ | ૫૮૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૧૪૨ | એમબીબીએસ,એમડી (ચાલુ) | ૧૨-૦૧-૮૭ | - | આર.સી. | કુંવારા |
| ૧૪૩ | બીઇ (મીકે.)એમ.એસ.(લંડન) | ૨૧-૦૮-૭૬ | ૧.૪૦લાખ | આર.સી. | કુંવારા |
| ૧૫૦ | જીએનએમ(અમેરીકા) | ૨૬-૧૧-૮૦ | - | સા.આર્મી. | કુંવારા |
| ૧૫૮ | ઇલે.એન્જીનીયર(દુબાઇ) | ૧૦-૦૧-૮૫ | ૨૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૧૬૩ | બીકોમ.બીબીએમ.કોમ્પ્યુ.ટેલી.(ફ્રાંસ) | ૧૦-૧૦-૮૪ | - | આર.સી. | કુંવારા |
| ૧૬૫ | પીટીસી,કોમ્પ્યુનીકેશન એન્ડ વેલફેર(ઓસ્ટ્રેલીયા) | ૦૮-૧૨-૮૩ | - | આર.સી. | કુંવારા |
| ૧૬૭ | બીએસસી,માઇક્રો,આઇબીએમ(અમેરીકા) | ૨૬-૧૦-૭૫ | ૮૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૧૬૮ | એમ.એ.(ઇંગ્લીસ)નર્સીંગ(ઓસ્ટ્રેલીયા) | ૧૯૮૪ | - | સીએનઆઇ | કુંવારા |
| ૧૭૨ | હોટેલ મેનેજમેન્ટ(ઓસ્ટ્રેલીયા) | ૨૯-૦૮-૮૧ | - | મેથો. | કુંવારા |
| ૧૭૪ | જીએનએમ(અમેરીકા) | ૦૪-૦૮-૮૩ | ૨૦૦૦ડોલર | અલાયન્સ | કુંવારા |
| ૧૭૫ | બીઇ(ઇલેક્ટ્રીકલ)એમએસડબલ્યુ(અમેરીકા) | ૧૩-૦૮-૮૫ | ૧૮૦૦ડોલર | આર.સી. | કુંવારા |
| ૧૭૮ | બીકોમ નર્સીંગ(અમેરીકા) | ૧૩-૦૩-૬૯ | ૬૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૧૮૦ | ગ્રેજ્યુએટ (અમેરીકા) | ૦૪-૦૧-૭૩ | ૨૦૦૦ડોલર | મેથો. | કુંવારા |
| ૧૮૨ | બીડીએસ (લંડન) | ૨૨-૧૨-૭૨ | - | બેપ્ટીસ | કુંવારા |
| ૧૮૩ | બીએ.પીજીડી કોમ્પ્યુટર (લંડન) | ૧૨-૧૧-૭૭ | ૧.૨૦લાખ | આર.સી. | કુંવારા |
| ૧૮૯ | કોમ્પ્યુટર કોર્ષ(ઓસ્ટ્રેલીયા) | ૨૫-૧૧-૮૩ | ૧.૦૦લાખ | આર.સી. | કુંવારા |
| ૧૯૮ | બીએ.ડીપ્લોમાં મીકેનીકલ,એમઆઇટી,ઇન્ફોમેશન ટેકનોલોજી.(ઓસ્ટ્રેલીયા) | ૦૭-૦૭-૭૭ | ૮૦૦૦૦ડોલર | સા.આર્મી. | કુંવારા |
| ૮૮ | બીએસસી(માઇક્રો)અમેરીકા. | ૧૭-૦૪-૬૯ | - | આર.સી. | છુટાછેડા |
| ૧૩૯ | એમએસસી.ઇન્ટરનેશનલ હેલ્થ મેને.(લંડન) | ૧૨-૦૧-૮૭ | ૫૦૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૧૫૪ | ૧૨પાસ,હોટલ કુકીંગ( સ્પેન) | ૨૪-૧૦-૬૮ | ૮૦૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૧૬૦ | બીકોમ.પીજીડીએમ(લંડન) | ૧૧-૦૨-૭૮ | ૮૦૦૦૦ | મેથો. | છુટાછેડા |

## યુવતીઓ (૧૬)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૧૦૨ | હોટલ મેનેજમેન્ટ(ઓસ્ટ્રેલીયા) | ૧૧-૧૦-૮૨ | - | આર.સી. | કુંવારા |
| ૧૦૩ | બી.કોમ. ડીપ્લોમા ઇન એન્કા.(અમેરીકા) | ૧૧-૦૭-૭૭ | - | અલાયન્સ | કુંવારા |
| ૧૧૦ | બીએસસી(માઇક્રો)એમ.એલ.ટી. | ૦૮-૦૬-૭૭ | ૧૨૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૧૧૫ | ફીજીયોથેરાપી (અમેરીકા) | ૧૮-૦૮-૮૧ | - | આર.સી. | કુંવારા |
| ૧૩૦ | બીઇ(ઇલેક્ટ્રીકલ) એમ.એસ.(યુએસએ) | ૦૨-૦૯-૮૫ | ૭૦૦ડોલર | મેથો. | કુંવારા |
| ૧૩૮ | એમબીબીએસ.એમ.ડી. | ૨૯-૧૦-૮૦ | ૩૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૧૪૩ | બીએસસી.ડીપ્લોમાં મેડીકલ લેબ.ટેકનોલોજી. | ૨૩-૦૯-૭૨ | ૭૦૦૦ | સીએનઆઇ | કુંવારા |
| ૧૪૪ | એમએસસી,એમફીલ.એમ એલટી | ૦૨-૧૦-૮૦ | - | મેથો. | કુંવારા |
| ૧૫૧ | બી.ફાર્મ.એમએસડબલ્યું | ૦૮-૦૫-૮૨ | ૬૨૦૦ | આર.સી. | કુંવારા |
| ૧૫૮ | જીએનએમ (લંડન) | ૧૯૮૫ | ૮૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૧૫૯ | એમ.એ.બીએડ,સેક્રટરીકોર્ષ(લંડન) | ૧૭-૦૫-૭૯ | ૧૦૦૦પાઉન્ડ | આર.સી. | કુંવારા |
| ૧૬૪ | બી.ફાર્મ(અમેરીકા) | ૧૯૮૫ | - | આર.સી. | કુંવારા |
| ૧૬૬ | બીસીએ(ઇટાલી-માલ્ટા રીર્ટન) | ૦૬-૦૬-૮૬ | - | આર.સી. | કુંવારા |
| ૧૭૧ | ફીજીયોથેરાપી(લંડન) | ૧૪-૧૨-૮૦ | ૧લાખ | આર.સી. | કુંવારા |
| ૧૭૯ | એમ.એસ.ડબલ્યુ | ૩૧-૦૮-૭૬ | - | આર.સી. | કુંવારા |
| ૧૮૦ | બી.પી.એન.(લંડન) | ૧૦-૦૮-૮૫ | ૭૦૦ પાઉન્ડ | મેથો. | કુંવારા |
| ૧૮૬ | એમ.બી.એ.(માર્કેટીંગ) | ૧૧-૦૮-૮૨ | ૨૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૧૯૦ | બી.એ.નર્સીંગ(અમેરીકા) | ૨૦-૦૪-૭૬ | - | સા.આર્મી. | છુટાછેડા |
| ૧૧૪ | બીકોમ,એલએલબી.માસ્ટરઇન ઇન્ફો.(ઓસ્ટ્.) | ૧૨-૦૭-૭૨ | ૩લાખ | સા.આર્મી. | છુટાછેડા |
| ૧૧૯ | જીએનએમ(કેનેડા) | ૨૯-૦૭-૭૮ | - | સીએનઆઇ | છુટાછેડા |
| ૧૫૦ | ડીગ્રી ઇન બાયોલોજી(અમેરીકા) | ૧૫-૦૩-૭૨ | - | સા.આર્મી. | છુટાછેડા |
| ૧૬૧ | જીએનએમ.(સ્પેન) | ૨૫-૦૬-૭૮ | ૭૨૦૦૦ | સા.આર્મી. | છુટાછેડા |
| ૧૭૨ | બીકોમ.(ઇંગ્લીસ )નેટવર્ક,હાર્ડવેર એન્જી. | ૦૩-૦૧-૭૯ | ૧૨૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૧૭૪ | બીબીએ,(અમેરીકા) | ૨૨-૦૩-૮૪ | ૫૦૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૧૮૨ | સી.એ.(અમેરીકા) | ૧૧-૦૩-૮૦ | - | આઇ.પી. | છુટાછેડા |

## ઇન્ટરનેશનલ શાલેમ મેરેજ બ્યુરો

**ડાયરેક્ટરશ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર,**

**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ, નડીઆદનો સંપર્ક કરવો.**

તેમના ફોન નં. ૯૮૯૮૩૧૮૯૮૫, ૯૫૭૪૩૭૦૪૩૨ છે.

**E.mail :salem-bhailalbhai@yahoo.com**

(૧) રજીસ્ટ્રેશન ફી રૂ.૫૦, રૂ ૧૦૦ તથા વિના મુલ્યે યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.

(૨)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે. (૩)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઇપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.

(૪)લગ્નવાંચ્છુક યુવક -યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઇન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.

(૫)**visit by appointment only**

# એક લાફો, બે વિચાર....

દો..બસ ? 'તુમ્હારે લીયે કાફી હે' શોલેમાં ગબ્બર -ઠાકુર વચ્ચે આવો એક સંવાદ હતો.પવારને લાફો મરાયો,ત્યારે અણ્ણાથી બોલાઇ ગયું : એક..બસ ? હા,એક કાફી છે.એક થપ્પડ નહી, એક વાક્ય. એક થપ્પડથી દેશમાં મોંઘવારી,ગરીબી,ભ્રષ્ટાચાર હટે કે ન હટે(થોડો પ્રભાવ તો પડે જ)પણ અણ્ણાનું એ એક વિધાન એમની અંદરની મુઝવણ સમજવામાં કાફી મદદરુપ બને તેવું છે.

અને આ મુઝવણ એકલા અણ્ણાની નથી. મોટા ભાગના ભારતીયોની છે.અણ્ણાની આગેવાનીમાં આ દેશના કરોડો નાગરિકો દેશને ભ્રષ્ટાચારમુક્ત, સુખી, નિવ્યસની, મહાન બનાવવા માંગે છે.પણ એ કામ પાર પાડવું કઇ રીતે ?રસ્તા અનેક છે, પણ એમાંના બે નોધપાત્ર છે : ગાંધી માર્ગ અને નેતાજી(ભગતસિંહ)માર્ગ. એક રસ્તો છે અહિંસાનો, બીજો છે હિંસાનો. બંનેનુ લક્ષ્ય એક જ છેઃ મહાન ભારત, પણ બંનેની દિશા એકમેકથી વિપરીત છે. પવારને મરાયેલા લાફાથી રાજી થવું એ ભગતસિહનો માર્ગ છે. પણ આવી લાગણી વ્યકત કરવાને બદલે દિલગીરી વ્યક્ત કરવી એ ગાંધીમાર્ગ છે.

અણ્ણા થોડી જ મિનિટોમાં બંને માર્ગે ચાલ્યા. પહેલા એમણે પુછયુ : એક જ લાફો કેમ ?પછી એમણે કહ્યું : આવી હિંસા સારી નહી.ક્રોધ સારો નહી... આ તમાચો શરદ પવારના ગાલ પર નહી, લોકશાહીના ગાલ પર મરાયો છે. હું એવું પુછવા માંગતો હતો કે શરદ પવારને ફક્ત એક તમાચો મરાયો છે ને !બીજુ કશું નથી થયુંને ! પવાર ચાહે તો હું માફી માંગવા તૈયાર છું.

પહેલી નજરે એવું લાગે કે અણ્ણાએ વાત ફેરવી તોળી. પણ અસલમાં, આ વિરોધી વિધાનો અણ્ણાનું માનવીય રૂપ રજૂ કરે છે.માણસ એક પરિમાણી યુનીડાઇમેન્શનલ હોય એવું ભાગ્યે જ બને. માણસનાં અનેક પરિમાણો હોઇ શકે.અણ્ણાના પણ બે પરિમાણ છે. એક તરફ એ નિઃશંકપણે હિંસા વિરોધી . એમના ઉપવાસ વખતે દેશમાં હિંસા ન થઇ એની પુરી ક્રેડિટ અણ્ણાને આપવી રહી.બીજી તરફ, અણ્ણાએ પોતાના ગામમાં દારૂ પીનારને પોતાના જ હાથે માર્યા છે.એ પણ નિઃશંક હકીકત છે.અણ્ણા ગાંધી ટોપી પહેરે છે અને એ પોતાના ભાષણોમાં હિંસાતરફી સ્વાતંત્રય સેનાનીઓને પણ વધાવે છે.એ હિસાબે,અણ્ણા મુંબઇના પરાં જેવા છે.જ્યાં તમે સ્ટેશનની બહાર નીકળો તો મહાત્મા ગાંધી માર્ગ અને નેતાજી માર્ગ સમાંતરે શરુ થતા જોવા મળે છે.અસલમાં આ બે માર્ગ સમાંતર નથી. પણ આ તો પરાં છે, ત્યાં માર્ગ સમાંતર હોય પણ ખરા. અને આ તો માણસ(અણ્ણા) છે, એ વિરોધી વિચારના આંશિક હોઇ શકે પણ ખરા.

ફરી એ જ વાત, મુંઝવણ એકલા અણ્ણાની નથી, વત્તેઓછે અંશે આપણા સૌની છે, નેટપર, ચેટપર, બ્લોગમાં, તંત્રીને લખાતા પત્રોમાં, પાનના ગલ્લે...બધે જ પવારને મરાયેલો લાફો ચર્ચાયો,બહુમતીનું એવું માનવું છે કે લાતોના ભુત બાતોથી ન માને...ઘી સીધી આંગળીથી ન નીકળે તો આંગળી વાંકી કરવી જ પડે....અતિ ઉગ્ર(અતિ દેશપ્રેમી)ને એવું પણ કહેતા સંભળાય કે મારુ ચાલે તો હું ભ્રષ્ટાચારીઓને ફાંસીએ લટકાવું.ચીન એવું જ કરે છે. અલબત્ત, સમસ્યા એ છે કે ભ્રષ્ટાચાર ક્રિકેટની જેમ સર્વવ્યાપી છે. મોટા રાજકારણીઓ સચીન-દ્રવિડ જેવા છે, જે મોટા પાયે મોટો સ્કોર કરે છે.બાકીના સામાન્ય નાગરીકો ગલી ક્રિકેટના ખેલાડીઓ જેવા છે, જે નાના પાયે રમે છે. રમે સૌ છે.તો શું સૌને ગોળીએ દેવા ! ના એ શક્ય નથી અને ઇચ્છનીય પણ નથી.

અણ્ણા આ વાત સારી રીતે સમજે છે.એટલે જ તો, તેઓ એક ફૌજી રહી ચુક્યા હોવા છતાં, શરાબીને મારવાની તરફેણ કરતા હોવા છતાં, એ ગાંધી ચીધ્યા માર્ગને સતત નજર સામે રાખે છે.આ એક તંદુરસ્ત નિશાની છે.ક્યારેક વિચાર આવી જાય, ક્યારેક ન બોલવા જેવું બોલાઇ જાય, પણ છેવટે સ્વસ્થ થઇને પુનર્વિચાર કરવામાં આવે એ સારી બાબત છે. અણ્ણાને અંદરખાને કડક(ઇવન હિંસક) શિક્ષા પ્રિય હોય તો પણ, લોકપાલની માંગણી દ્વારા છેવટે ત તેઓ અહિંસક માર્ગે, બંધારણની હદમાં રહીને, લોકશાહી ઢબે પરિવર્તન લાવવા મથે છે.અણ્ણા પાસેથી સૌથી વધુ શીખવા જેવું જે છે તે આ છે કે જડ પગલાં મગજમાં સ્ફુરી પણ જાય(જેમકે પવારને એક જ તમાચો ? અનેક કેમ નહી ?)પણ પછી શાંતિથી વિચારવું રહ્યું, સ્વસ્થતાનો આદર કરવો રહ્યો. દેશને સૌથી વધુ જરુર કદાચ આવી કેળવણીની છે. ગાંધીજી આ જાણતા હતા એટલેજ તો ૧૯૨૨માં ચૌરી ચૌરા કાંડ બાદ,લગભગ હાથમાં આવેલી આઝાદી જવા દઇને, દેશવ્યાપી આંદોલન પડતું મુકીને, પાંચ ઉપવાસ કરીને, ગરમ લોઢા પર પ્રહાર કરાવાને બદલે ટાઢુ પાણી રેડતાં એમણે કહેલું કે આઝાદી ભલે મોડી આવે, પહેલી જરૂર પ્રજાને કેળવવાનિ છે જયહિંદ, જય ગાંધી.

લેખક : દિપક સોલીયા( સૌ. દિ.ભા.)

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૯૫૮,૨૫૩૮૩૩૨૨

# જોન સ્કોટની યાદગીરીમાં એક સ્મરાણાંજલી સભાનું આયોજન



કોલેજ ચર્ચ,વિટેલ કોલેજ કેમ્પસમાં ૬૦૦ વક્તિઓ જોન સ્કોટ એક અંગ્રેજ એંગ્લીકન પાસ્ટર જેમણે વિશ્વભરમાં ઈવેન્જલીકલ મુવમેન્ટને માર્ગદર્શન અને મદદ પુરી પાડી તેમને સ્મરણાંજલી આપવા આવ્યા હતા.

ટીમ કીલર, સીનીયર પાસ્ટર રીડીમર પ્રેસબ્રિટેરીયન ચર્ચ, ન્યુયોર્ક સીટી અને જેમને ન્યુઝવીક મેગેઝીન વીસમી સદીના સી.એસ. લેવીસ,ગણાવે છે તેમણે આ પ્રસંગે કહ્યુ હતું કે ઈશ્વરના સહુ પ્રથમ શબ્દો આ એક પ્રથમ વ્યક્તિ હતી જેની પાસેથી મે સાંભળ્યા.તેમજ તેમના સાહિત્ય દ્વારા ઈશ્વર વિશે વધુ જાણકારી મેળવી.

તેમણે જણાવ્યું હતું કે સ્કોટનું સૌથી વધુ જાણીતું પુસ્તક બેઝીક ક્રિશ્ચિયાનીટી (૧૯૫૮)એક મીલીયન કરતાં વધુ કોપીઓ તેની વેચાઈ હતી.તેમજ ૨૫ જેટલી ભાષાઓમાં તેનો અનુવાદ થયો હતો.અને આ પુસ્તકે તેમના પર જબરજસ્ત પ્રભાવ પાડ્યો હતો.તેમણે આ બાબતે જણાવ્યું હતું કે હિબ્રું ૧૩.૭ પ્રમાણે " જેઓ તમારા આગેવાન હતા, જેઓએ તમને દૈવી વાત કહી છે, તેઓનું સ્મરણ કરો, અને તેઓના ચારિત્રનું પરિણામ જોઇને તેઓના વિશ્વાસનું અનુકરણ કરો. "

આજ પ્રમાણે આપણે કરવાનું છે.સ્કોટે જે પ્રમાણે જીવનનો આર્દશ આપણને બતાવ્યો છે તે પ્રમાણે ઈશ્વરના વચનોના આધારે ચાલવાનું છે.હું ઘણા મહીના પહેલા વિચારતો હતો કે સ્કોટ મેમોરીયલ સર્વીસમાં મારે બોલવાનું છે તો હું શું બોલું?

જુલાઈ ૨૭ના રોજ ૯૦ વર્ષની ઉંમરે સ્કોટ સરે, ઇંગ્લેંડ ખાતે પ્રભુની શાંતિમાં ઉંઘી ગયા.તેઓ વીસમી સદીના ઈન્વેજલીકલ મુવમેન્ટના શિલ્પી હતા.આ ઉપરાંત ૧૯૭૪ના ઈવેન્જલીકલ મેનીફેસ્ટો ઓન ઈવેન્જીલીઝમ અને થીયોલોજીના તેણો મુખ્ય ઘડવૈયા હતા.

તઓએ ૫૦ જેટલાં પુસ્તકો લખ્યાં છે અને તેનો ૬૫ ભાષાઓમાં અનુવાદ થયો છે.ટાઈમ મેગેઝીને ૨૦૦૫માં વિશ્વના બહુ પ્રતિભાશાળી ૧૦૦ વ્યક્તિઓમાં તેમનો સમાવેશ કર્યો હતો.

તેમના પ્રભાવશાળી વ્યક્તિત્વ અને તેમને મળેલ લોકપ્રિયતા ઉપરાંત તેઓ તેમની નમ્રતા માટે અને ઈશ્વર પ્રત્યે તેમનુ જોડાણ મહત્વના હતા.તેમનું ચારિત્ર એ ઈશ્વરની મહાન ભેટ હતી. કીલરે કહ્યું કે હું છેલ્લા બે મહીનાથી તેમના છ વોલ્યુમ વાંચી રહ્યો છું ,જેમાં તેમના જીવન વિશે લખાયું છે.ખ્રિસ્તીઓ માટે આ અદભુત પુસ્તકો છે

સ્કોટ પ્રભને ખાતર અદ્દભુત જીવન જીવ્યા,અને આજે તેમના કાર્યો સવત્ર દેખાઈ રહ્યા છે કે તેમણે પ્રભુની સુવાર્તા ફેલાવવાને માટે કેટલું બધું કાર્ય કર્યુ છે.


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


## જાણવા જેવું !

જાપાનમાં ક્યોનામ્બા નામનો માણસ આપણે પગે ચાલીએ છીએ તેટલીજ ઝડપી તે માથું જમીન પર મુકીને માથાથી ચાલી શકે છે.આ માણસ માથાથી દાદર પણ ચડી ઉતરી શકે છે.

ફ્રાંસમા ટુંકામાં ટુંકા નામના બે ગામો છે. એકનું નામ ઓ અને બીજાનું નામ વાય છે.

મધ્ય અમેરીકા અને વેસ્ટ ઈન્ડીઝમાં બાલસા નામના ઝાડનું લાકડું બુચ કરતાંય વજનમાં હલકું હોય છે.

બ્રિટનની વિમાની કલબમાં ક્રેઇગ બાવર્સ નામનો,પાંચ વર્ષની ઉંમરનો પાયલટ હતો.

ગ્લાસગોના ગાર્ડન સ્ટીવર્ટના બંને પગ અકસ્માતમાં કપાઈ ગયા હતા.છતાં ગીચ રસ્તાઓમાં તે સાઇકલ ચલાવતો હતો.

ડચ કવિ જીન ડી સાનિયલે ઝાડના થડમાં કવિતા કોતરીને લખી હતી.

ઈટાલીમાં ૧૦ લાખ પાઉન્ડ ઝવેરાત જડેલી જમણા પગની એક મોજડી હાથ લાગી હતી.

ફ્રાંસના વિલિયમ પોસ્ટલના ૧૨૦ વર્ષની ઉંમરે મુછના વાળ કાળા હતા.યુનાનના વૈદ ગેલન ૧૪૦ વર્ષ જીવ્યા હતાય

ડેમન્ડની એક અમીરજાદી ૧૪૦ વર્ષ જીવી હતી.ત્રણ વખત પડી ગયેલા દાંત પાછા આવ્યા હતા.

ગ્રીસના તત્વજ્ઞાની ઝેનોએ, પોતાના સ્વમાન ખાતર બે દાંત વચ્ચે જીભ કાપી નાંખી, રાજા ઉપર ફેકી હતી.

પાત્રીસ વર્ષનો બોડી બિલ્ડર પ્રકાશ કોયડેએ ચાર વખત મિસ્ટર ઈન્ડીયાનું ખિતાબ જીતેલો તેના બાવડાનું માપ એકવીસ ઇંચ હતું.

હાલ,ભારતમાં સાઇઠ વર્ષથી વધારે ઉંમરના માણસોની સંખ્યા લગભગ ૫૦ કરોડથી વધારે છે.

મુંબઇના ચર્ચ ગેટ સ્ટેશનથી દરરોજ ૯૫૬થી વધારે ટ્રેઇનો ઉપડે છે અને દરરોજ ૧૮ લાખ મુસાફરો મુસાફરી કરે છે.

ચારસો વર્ષ પહેલાં શોધાયેલું થર્મોમીટર તાવ સિવાયના પણ અનેક તાપમાનો માપવામાં વપરાય છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.
## અમી સર્જીકલ
જય ક્રિશ્ચિયન
રૂબિના એપાર્ટમેન્ટ, ડૉ. લોરેન્સ એવન્યુ પાસે,સિયોન નગર મણિનગર પૂર્વ , અમદાવાદ - ૮
મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૯૮૨૫૩૬૯૪૨૦


# છૂટક બજારમાં વિદેશી રોકાણ (એફડીઆઈ)

તાજેતરમાં એફડીઆઈ -છૂટક બજારમાં વિદેશી રોકાણની ચર્ચાઓએ જોર પકડ્યું છે અને વિરોધપક્ષોએ લોકસભાની કાર્યવાહી ઠપ કરી દીધી હતી જેને કારણે યુપીએ સરકારે નમતું જોખવું પડ્યું અને એફડીઆઈના અમલીકરણને મોકુફ રાખવો પડ્યો છે. ન.ક્રાં.ના વાચકોને પ્રસ્તુત બહુ જ મહત્વના મુદ્દે સાચી જાણકારી પીરસવી જરૂરી લાગે છે. ચાલુ અંકમાં એ વિષયે થોડો પ્રકાશ પાડીશું. સુજ્ઞ વાચકોના પ્રતિભાવો આવકાર્ય રહેશે.

## છૂટક બજારની નાબૂદી અશક્ય

"ભારત બંધમાં બધાએ જોયું કે એ મિશ્ર રહ્યો. છૂટક કે કિરાણા બજારવાળા કે નાના દુકાનદારો એમાં ન જોડાયા. કેમ? વિચાર તો કરો. અને હવે બધું સમેટાઈ જશે અને રાજનીતિના ખેલ પૂરા થશે. મૂળ વાત એ છે ખે, કોઈ પગલું ભરતાં પહેલાં તેનાથી લાભીત થનારા પ્રજા વર્ગોને આને માટે સજ્જ કરવાની જરૂર હોય છે. બાકી ભારતના છૂટક બજારનું વાર્ષિક ૧૮ થી ૨૦ લાખ કરોડનાં ટર્ન ઓવર અને કૃષિ આધારરિત ગ્રામીણ સમાજને સજ્જ કરાય તો ભારતની જનતામાં ગમે તેવા વિચારને જરૂર પડ્યે અપનાવવાની કે મુકાબલો કરવાની શક્તિ છે. ગુજરાતમાં બહુ ઓછાને ખબર હશે કે ગુજરાતનો છૂટક વેપાર રાષ્ટ્રના બજારના ૧૦ ટકા હિસ્સો આપે છે. દોઢ કરોડ દુકાનદારો ગુજરાત એકલામાં છે. અત્યારની કોઈ સરકારોએ એનો હાથ પકડ્યો છે ખરો?

ઉડીપી હોટેલો, માણેકચોકનું રાત્રિ બજાર તેમજ બીજાં રાત્રિ બજારોનો મુકાબલો વોલમાર્ટ પણ નહિ કરી શકે ! કારણ છૂટક બજારના ફાયદા કાંઈ ઓછા નથી. એ ગ્રાહકને નજીકમાં જ મળી જાય છે, એ જોઈએ ત્યારે માલ પૂરા પાડે છે .એનો વેપાર વ્યક્તિ આધારિત અને લચીલો હોય છે. વિશ્વાસ પડે ત્યાં એ ઉધાર આપે છે. હવે તો ગમે તે માલ સામાનની યાદી મોકલો તો ઘેર બેઠાં માલ પૂરા પાડતાં એ શીખી ગયો છે. ગ્રાહકની શક્તિ હોય એટલી કિંમતમાં પેક માલ પણ આપતો થયો છે. ટૂંકમાં ભારત જેવા વિશાળ દેશમાં છૂટક બજારની નાબૂદી શક્ય જ નથી.

વાત રહી વિદેશી રોકાણ વધારવાની જરૂરની અને મસમોટી રોજગારીની. અત્યારે ભારતમાં હયાત સંગઠિત વેપારનો વાર્ષિક ઊથલો અંદાજે ૧૫થી ૧૮ બિલિયન ડોલરનો છે અને સીધી અને આડકતરી રોજગારી ૧૦ લાખને આપે છે. હવે મંત્રી ત્રણ વર્ષમાં ૪૦ લાખની નવી રોજગારી ઊભી કરવાનું વચન આપે છે . આ હિસાબે ૬૦ બિલિયન ડોલરનું રોકાણ જરૂરી બને. ભારતનાં ૫૩ શહેરોમાં આ શક્ય બનાવવું આસાન નથી. હાલની વસ્તીની ગણતરીએ વધુમાં વધુ ત્રણ-ચાર લાખની નવી રોજગારી શક્ય બને !

હાલની રાજનીતિમાં આ સવાલનો વિચાર કોઈ વિચારસરણી કે સૈદ્ધાંતિક દૃષ્ટિએ નહિ પણ સગવડિયા પદ્ધતિથી થાય છે. અને આમ થાય તો જે હાલ "સેઝ"ની નીતિના થયા એવા જ હાલ છૂટક બજારમાં વિદેશી મૂડીરોકાણના થવાના. પ્રવર્તમાન પદ્ધતિ પહેલાં સુધારવી પડે તો નવા વિચારો અમલી બની શકે."

-સનત મહેતા (ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ નાણાંમંત્રી)


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386



## www.christianmatrimonial.in

સમગ્ર વિશ્વના કોઈપણ ખુણાંમાંથી આપના દીકરા-દીકરીઓ માટે યોગ્ય પાત્ર મેળવવા માટે એક અજોડ સાઈટ કે જે.

(૧) જેની અર્પણવિધિ સી.એન.આઇ,ગુજરાતના માનનીય બિશપશ્રી માલવીયા સાહેબના હસ્તે કરવામાં આવેલ છે.

(૨) રજીસ્ટ્રેશન તદ્દન મફત છે.

(૩) સમગ્ર વિશ્વના કોઈપણ દેશનાં ક્રિશ્ચિયન દિકરા-દીકરીઓ મેમ્બર થવાથી બહોળી પસંદગીનો અવકાશ છે.

(૪)જે તે ચર્ચના પાળક/ પાદરી/ફાધરનું સર્ટીફીકેટ આપનારનેજ સભ્ય બનાવવામાં આવે છે જેથી નકલી રજીસ્ટ્રેશનની શક્યતાઓ નહીવત રહે છે.

મફત મેમ્બર થવા માટે અને વધુ વિગત માટે અમારી સાઈટ www.christianmatrimonial.in નો સંપર્ક કરવા વિનંતી છે.

ડો.ગીરીષ પી.પરમાર,
૩૦૩-૩૦૫,રાધે પાર્ક,ક્રિશ્ના પાર્ક પાસે
દાંડી રોડ,જહાંગીરાબાદ, સુરત. મો.૯૯૨૫૨૩૧૭૦૩


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.